|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં -૨૦૭૮ ● ચૈત્ર સુદ–૧૩ ● તા.૧૪–૦૪–૨૨ ● ગુરુવાર SDP No.:721 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

ચંદ્રપુરાકંપા,નિકોડા કંપા, ટીંબાકંપા, બાવસર કંપા, ના સનાતની પરિવાર જેવા ના આંગણે માં ઉમિયા ના રથ ના વધામણાં.

તા.૧૧ એપ્રિલ આપણી કુળદેવી જગત જનની માં ઉમિયા નો રથ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન (VUF)ની ટિમ દ્વારા આપણા હિંમતનગર વિભાગમાં દરેક ગામ, કંપા, શહેર માં પરિભ્રમણ કરવા માટે આવેલ છે.

શ્રી હિંમતનગર સનાતન સમાજ (૨૪ કંપા) તેમજ હિંમતનગર ડિવિઝન યુવાસંઘ ના તમામ મિત્રો માં ઉમિયા ના રથ સાથેના આયોજનમાં આપણા ભાઈ સમા કડવા પાટીદાર ભાઈઓ સાથે આપણે કચ્છી કડવા પાટીદાર આયોજન માં સહભાગી થઈને માં ઉમિયા અને આપણી સંસ્થા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન નો મહિમા વધે તે હેતુ થી આપણા દરેક કંપા,શહેર,ગામ માં રથ નું પરિભ્રમણ કરવામાં આવે છે તો

આજ રોજ તા.૧૧ એપ્રિલ ના રોજ માં ઉમિયા નો રથ ચંદ્રપુરાકંપા,નિકોડા કંપા, ટીંબાકંપા, બાવસર કંપા, ખાતે આવેલ હતો તો આપણી સમાજ ના સૌ સનાતની પરિવાર દ્વારા માં ઉમા ના રથ નું ઉમળકાભેર હર્ષોલ્લાસ થી સ્વાગત કરવામાં આવ્યું હતુ... ટીમ હિંમતનગર ડિવિઝન પ્રચાર–પ્રસાર વતી પ્રવક્તા અમિત રામાણી.

હિંમતનગર વિસ્તાર ના કંપાઓ માં ઉમિયા માતા VUF ના રથ નું સ્વાગત

કૃપાકંપા, કૃષ્ણપુરાકંપા, હરિપુરા, વેજરપ,વેજરપમઠ, બિલપણ કંપા ના સનાતની પરિવાર દ્વારા માં ઉમિયા ના રથ ના વધામણાં. તા.૧૨ એપ્રિલ ના રોજ આપણી કુળદેવી જગત જનની માં ઉમિયા નો રથ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન (VUF)ની ટિમ દ્વારા આપણા હિંમતનગર વિભાગમાં દરેક ગામ,કંપા,શહેર માં પરિભ્રમણ કરવા માટે આવેલ છે. શ્રી હિંમતનગર સનાતન સમાજ (૨૪ કંપા) તેમજ હિંમતનગર ડિવિઝન યુવાસંઘ ના તમામ મિત્રો માં ઉમિયા ના રથ સાથેના આયોજનમાં આપણા ભાઈ સમાં કડવા પાટીદાર ભાઈઓ સાથે આપણે કચ્છી કડવા પાટીદાર આયોજન માં સહભાગી થઈને માં ઉમિયા અને આપણી સંસ્થા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન નો મહિમા વધે તે હેતુ થી આપણા દરેક કંપા, શહેર, ગામ માં રથનું પરિભ્રમણ કરવામાં આવે છે. તો આજ રોજ તા.૧૨એપ્રિલ ના રોજ માં ઉમિયા નો રથ કૃપાકંપા, કૃષ્ણપુરા કંપા, હરિપુરા, વેજરપ, વેજરપમઠ,બિલપણ કંપા ખાતે આવેલ હતો તો આપણી સમાજ ના સૌ સનાતની પરિવાર દ્વારા માં ઉમા ના રથનું ઉમળકાભેર હર્ષોલ્લાસ થી સ્વાગત કરવામાં આવ્યું હતુ. ટીમ હિંમતનગર ડિવિઝન પ્રચાર–પ્રસાર વતી પ્રવક્તા અમિત રામાણી

દિલ્હી રાજસ્થાન ઝોનની ઝૂમ કારોબારી સભા યોજાઈ, પદ ધર્મ ની ચર્ચા

કેન્દ્રિય સમાજ દ્વારા દિલ્હી રાજસ્થાન ઝોન ના એકીકરણ બાદ પ્રથમ કારોબારી સભા તારીખ ૧૨,એપ્રિલ મંગળવારના રાત્રે ૯:૦૦ કલાકે ઝૂમ માધ્યમ થી પ્રમુખશ્રી ગંગારામ કાનજી રવાણી (જયપુર) ના અધ્યક્ષ સ્થાને મળેલી હતી. સર્વ પ્રથમ પ્રભુ સ્મરણ કરી પ્રમુખશ્રી ના આદેશથી વેબીનાર સભાને ખુલ્લી મુકવામાં આવી. દિલ્હી રાજસ્થાન ઝોનના મહામંત્રી વિરચંદભાઈ પોકાર (જોધપુર)દ્વારા સર્વે સભ્યોને આવકાર બાદ એજન્ડા અનુસાર કાર્યવાહીને આગળ વધારવા મા આવી.

કેન્દ્રિય સમાજ ના અહેવાલ મહામંત્રી વીરચંદ પોકાર દ્વારા નરોડા અમદાવાદ ખાતે યોજાયેલ કેન્દ્રીય સમાજની ઐતિહાસિક કાર્યશાળાના પદ ધર્મ અંગેની માહિતી અને ફરજ નો અહેવાલ આપવામા આવેલ

મધ્ય ખંડ ના પ્રભારી ધીરજભાઈ (અમરાવતી) દ્વારા સંપૂર્ણ કર્મઠ કાર્યશાળા બે દિવસ ના અહેવાલ આપતા જણાવેલ કે આપણો પદધર્મ સમાજ ના વિકાસ માટે યોગ્ય ન્યાય સાથે શું હોવો જોઈએ ઘટક સમાજ અને ઝોન સમાજ વિભિન્ન સમિતિઓ સાથે ઉત્સાહપૂર્વક જોડાઈ ટીમ વર્ક સાથે ચિંતન અને સમાજ વિકાસ કાર્ય માટે યોગદાન આપવામા આવે સાથે કેન્દ્રિય સમાજના દ્વારા બનાવેલ ૦૯ સમિતિઓની પણ કાર્ય અને પદ્ધતિ સાથેની રૂપરેખા જણાવેલ.

શોર્યા સંસ્કરણ સમિતિ ના કન્વીનર મહેન્દ્રભાઈ સેંઘાણી સેંઘાણી (મુંબઈ) સમિતિ દ્વારા તેઓના અંતર્ગત આવતા કાર્યો ની જાણકારી સંસ્કરણ ના અર્થ માં તાલીમ , બળ ,આર,એસ.એસ. અનુકાર્ય અને આધ્યાત્મિક ક્ષેત્રે, મિશન અભિમન્યુ બાળકો મા સંસ્કાર કેવી રીતે શ્રીસમાજની ત્રણે પાંખો મળી સફળ બનાવી તેની આછેરી ઝલક આપી.

દિવાળી બોનસ એક વિકાસ નું તિલક અંગે એકત્રિત રકમ અંગે ચર્ચા શંકરભાઈ રવાણી (જયપુર) દ્વારા જણાવવામાં આવ્યું કે દિલ્હી અને રાજસ્થાન થી અલગ–અલગ રૂપે દિવાળી બોણી ની રકમ કેન્દ્ર સમાજ પાસે સાતમ , આઠમ ઉત્સવ આસપાસ મૂકવામાં આવતી હતી. હવે ઝોનનું એકીકરણ થવા બાદ એક સાથે મૂકવામા આવશે. દિલ્હી અને રાજસ્થાનની અલગ અલગ પાવતી બનાવી દરેક ને સોંપી દેવામા આવશે.

મધ્ય ખંડ સહપ્રભારી ખેતશી ભાઈ રવાણી (નાસિક), દિવાળી બોણી અંતર્ગત કેન્દ્રિય સમાજ વતી વિભિન્ન યોજનાઓ ના લાભ ઝોન સમાજ સાથે ઘટક સમાજ કેવી રીતે પહોંચે અને નિરાધાર કોઈ ના રહે , પ્રમુખશ્રી રાહત યોજના , શૈક્ષણિક ક્ષેત્રે યોગદાન સહાય આપવામાં આવે છે. અત્યાર સુધી આપેલ યોજનાઓનો પણ ઉલ્લેખ સાથે કેન્દ્રિય સમાજ નુ સૂચન જે સભ્યો દિવાળી બોણી ને આપે તેઓને ભવિષ્યમાં સમાજની વિવિધ યોજનાઓ ના લાભ થી વંચિત રહેવું પડશે.

ભુજ ભૂમિ દાન સહયોગ અર્થે ચર્ચા ભૂમિદાન વિષય ઉપર ચર્ચા કરતાં મહામંત્રી વિરચંદભાઈ (જોધપુર) વતી વધુથી વધુ ભગીરથ કાર્ય માટે ભૂમિ ના વાર નોંધ કરવામાં આવે તેવો ઘટક સમાજ પાસે આગ્રહ કરેલ.ખન્ડ પ્રભારી ધીરજભાઈ (અમરાવતી) જણાવેલ કે દરેક

ખંડ ને કેન્દ્રિય સમાજ દ્વારા ટારગેટ આપવામા આવેલ છે. દિલ્હી રાજસ્થાન ઝોન ના પણ ટારગેટ સોપેલ છે જેને ધ્યાન રાખી સુંદર વ્યવસ્થા ઊભી કરવામાં આવે ત્રણ વાર થી ઉપર નોંધ કરાવનાર વ્યક્તિઓ નું તકતી ઉપર નામ નોંધવામાં આવશે.ઘટક સમાજ માં સંપર્ક યાત્રા કરી સહયોગ લેવામાં આવશે.

કેન્દ્રિય સમાજના ટ્રસ્ટી લક્ષ્મણભાઈ નાનજી ચૌહાણ દ્વારા જણાવવા મા આવ્યુ આ કાર્ય માટે દિલ્હી રાજસ્થાન ઝોન સંપર્ક યાત્રા કરી વધુ ને વધુ સહયોગ લેશું અને કેન્દ્રિય સમાજના ઉદ્દેશોને પાર પાડશું.

આગામી સમયમાં કેન્દ્રીય સમાજ અને દિલ્હી રાજસ્થાન ઝોન સમાજ ની સભા અંગે ચર્ચા શંકરભાઈ (જયપુર) દ્વારા સભા અંગે જણાવેલ કે કેન્દ્રિય સમાજ દ્વારા વરણી કરેલ સભ્યો સાથે કચ્છ મા હાજર સભ્યો કેન્દ્રિય કારોબારી સભા મા હાજરી આપે દિલ્હી રાજસ્થાન ઝોન ની કારોબારી સભા ઘટક સમાજ સાથે સંપર્ક યાત્રા કરી કેન્દ્રિય સમાજ ના ઉદ્દેશ્યો અને યોજનાઓ ની જાણકારી આપી બાદ તારીખ નકકી કરી કરવામા આવશે.

દિલ્હી રાજસ્થાન ઝોન પ્રમુખશ્રી ગંગારામ ભાઈ કાનજી રવાણી (જયપુર પોતાના ઉદબોધનમાં ઝૂમ મિટિંગ યોજવા અંગે સર્વ નો આભાર વ્યક્ત કરેલ ભુજ ભૂમિ અને ભવન નિર્માણ સાથે દિવાળી બોણી અંગે ઘટક સમજો ને વધુ થી વધુ સહયોગ આપવા આગ્રહ કરેલ.કેન્દ્રયિ કારોબારી સભા પહેલા ઝોન ઘટક સમાજ ની સંપર્ક યાત્રા કરી દિલ્હી રાજસ્થાન ઝોનની કારોબારી સભા કરવામાં આવે. આભારવિધિ મહામંત્રી વિરચંદભાઈ દ્વારા કરવામાં આવ્યું

ઝુમ વેબીનારનું સંચાલન જગદીશ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યુ

ઝૂમ મીટીંગ દિલ્હી રાજસ્થાન ના હોદ્દેદારો સાથે કેન્દ્રયિ સમાજના ટ્રસ્ટીશ્રી લક્ષ્મણભાઈઝૂમ મીટ ગ દિલ્હી રાજસ્થાન ના હોદ્દેદારો સાથે કેન્દ્રયિ સમાજના ટ્રસ્ટીશ્રી લક્ષ્મણભાઈ નાનજી ચૌહાણ મધ્ય ખંડના પ્રભારી ધીરજભાઈ દેવજી ભાવાણી (અમરાવતી)

મધ્ય ખંડના પ્રભારી ખેતસીભાઈ રવાણી (નાસિક) પૂર્વ ખંડના પ્રભારી શંકરભાઈ રવાણી (જયપુર) શોર્ય સંસ્કરણ સમિતિના કન્વીનર મહેન્દ્રભાઈ સેઘાણી (મુંબઈ) જોડાયા હતા

સંયોજક : કિશોર ચોપડા દિલ્હી

૪૭ મી વખત ૪૭ મી ઉંમરે રક્તદાન આપવાનું ગૌરવ

સ્વામી વિવેકાનંદ રિજિયન યુવાસંઘના સામાજિક અને આધ્યાત્મિક સમિતિના કન્વીનર ગૌતમ નાનજીભાઈ ભીમાણી જેઓ રામનવમી પર્વ પર પોતાની ઉંમર ૪૭ વર્ષ ગણતરી ૪૭ મી વખત રક્તદાન કર્યું હતું , આપણા પાટીદાર સમાજ માટે ગૌરવની વાત છે. ખૂબ ખૂબ અભિનંદન ગૌતમ ભીમાણી–૯૪૩૪૩ ૮૫૧૪૧

સનાતની રક્તદાન -૨૦૨૨



સ્નેહી સાથી મિત્રો,

આપણી સમાજના આદ્યસુધારક પરમ પૂજ્ય શ્રી નારણ રામજી લીંબાણી ની ૧૩૯ મી અને પરમ પૂજ્ય શ્રી કેસરા પરમેશ્વરા સાંખલા ની ૨૫૪ મી જન્મતિથિ તથા સંત શ્રી પૂ. લાલરામ મહારાજની પુણ્યતિથિ સંયુક્ત રીતે શ્રી સમાજ સાથે રહી આપણે

એપ્રિલ અને મે ૨૦૨૨ દરમિયાન પુરા DMG રિજિયન માં રક્તાંજલી– માહ Blood Donation Camp તરીકે ઉજવી રહ્યા છીએ. DMG રિજિયન : DMG ઝોન ની ઘટક સમજો, યુવા મંડળો, મહિલા મંડળોના સાથ સહયોગ થી સમાજના આદ્યસુધારકશ્રીઓ ને રક્તાંજલી આપીને રાષ્ટ્રીય પુષ્પાંજલી સમર્પિત કરીએ.

સાથે સાથે આપણી રાષ્ટ્રીય ભાવના ને સમર્પિત ભાવથી નીચેની લીંક પર ક્લિક કરી,નેત્રદાન સંકલ્પ, અંગદાન સંકલ્પ કરીએ અને સમાજ સંગઠન થી રાષ્ટ્ર વિકાસ ની ભાવનાઓ ઉજાગર કરીયે. આવો વ્હાલા જ્ઞાતિજનો સનાતની ઉત્સવ ની ઉજવણી એક સાચા સનાતની બની આપણી પવિત્ર ફરજ અદા કરીયે જે સમાજો માં રક્તદાન શિબિર નું આયોજન કરવું મુશ્કેલ પડતું હોય ત્યાં સ્થાનિક રક્ત ની જરૂરિયાત મુજબ બ્લડ બેંક માં પણ રક્તદાન કરી શકાય,

સ્વર્ણિમ ટીમ Health & disaster DMG એક સંકલ્પ માનવતા ગૌરવ અભિયાન

https://forms.gle/oGvRFpXTynsuqECn8

યુવાસંઘ ટીમ ૨૧-૨૩ ની એડવાઈઝરી ટીમ ની નિયુકિત

શ્રી અખિલ ભારતીય કરછ કડવા પાટીદાર યુવાસંઘ સ્વણ મ ટીમ ૨૦૨૧–૨૩ દ્વારા કેન્દ્રીય ટીમ ૨૧–૨૩ ના સલાહકાર સમીતી ની રચના કરવામાં આવેલ છે.સલાહકાર પદધર્મ ગ્રુપો માં સૌથી ઓછુ બોલવુ પણ કાર્ય કરનાર ને હીંમત પૂતિ કરતા રહેવુ ક્યાંક જરુર પડે ટીમ યુવાસંઘ ને સલાહ તેમજ સહકાર કરવો એજ તો એમનો પદધર્મ

વિશેષ મા આપણા સૌ ના અનુભવી અને નેતૃત્વના સ્નેહી મીત્રો અને આપણી સ્વર્ણીમ ટીમ ના મોરપીંછ સમા એડવાઈઝરી ટીમ.

રવિભાઈ ઘોળુ – ગોવા
મોહનભાઈ ઘોળુ – પેટલાદ
અંબાલાલ પોકાર – ગાંધીધામ
નરસીભાઈ ભાવાણી – પુણે
ભવનભાઈ જાદવાણી – કામરેજ સુરત
શાંતીભાઈ રુષાત – વડોદરા
રમેશભાઈ રવાણી – બેંગ્લોર

શ્રી અખિલ ભારતીય કરછ કડવા પાટીદાર યુવાસંઘ ૨૦૨૧ ૨૦૨૩ સ્વણ મ ટીમ દીલ થી શુભેર્છાઓ પાઠવે છે.આપ આવીજ રીતે સમાજ ઉપયોગી કાર્યો કરતા રહો..સ્વર્ણીમ ટીમ યુવાસંઘ, –પ્રવક્તા મુકેશ કાલરીયા

પૂર્વ કચ્છ SP મહેન્દ્ર બગડીયા સાહેબ નું સ્વાગત

શ્રી સમસ્ત પાટીદાર સમાજ (SPS) ગાંધીધામ દ્વારા પૂર્વ કચ્છના નવા વરાયેલ SP એવા IPS મહેન્દ્ર બગડીયા સાહેબ (IPS) ની ગાંધીધામ એસપી ઓફીસ ખાતે શુભેચ્છા મુલાકાત અને સાલ થી સન્માન કરવામાં આવ્યું. આ સન્માન માં ખાસ અંબાલાલ પોકાર યુવાસંઘ સલાહકાર અને પૂર્વ કાઉન્સિલ પ્રેસિડેન્ટ ની વિશેષ ઉપસ્થિતિ રહેલ હતી.

ભારત ના ૧૧૧ ઉદ્યોગ સાહસિકો નું સન્માન જેમાં નીતિન લીંબાણી હોસુર નું દિલ્હી માં સન્માન

EEPC એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રશંસા થવી ને સન્માન મેળવવું એ દરેક નિકાસકારોનું સ્વપ્ન છે.

આજે, સ્ટાર પરફોર્મર, મીડિયમ એન્ટરપ્રાઈઝ કેટેગરી હેઠળ EEPC દ્વારા અમને અમારા મિકેનિકલ એન્જિનિયરિંગ ઉત્પાદનો કાર્ય માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે. અને તે આયોજન શ્રી પિયુષ ગોયલે કાપડ મંત્રી, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી અને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી નવી દિલ્હી ખાતે કરવામાં આવેલ હતું.આજે અમને જાણવા મળ્યું કે અમે અમારી નિકાસ કેનેડા મેટ્રો, માઈનિંગ, લૉન મોવર, કોમર્શિયલ પ્લમ્બિંગ, તેલ અને ગેસ વાલ્વ વગેરે માટેના ભાગો અને પેટા એસેમ્બલી દ્વારા અમારા દેશના અર્થતંત્રમાં યોગદાન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને તે માટે ભારત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત થઈ છે. તે ખરેખર અમારા માટે એક મહાન સિદ્ધિ છે અને અમને વધુ સખત મહેનત કરવા અને ઉચ્ચ લક્ષ્યો સુધી પહોંચવા માટે પ્રેરિત કરશે. આ કાર્ય ની સફળતા માં અમારા ટીમ ના ૭૫ જેવા કર્મચારીઓ અને અમને કામ ના પુરવઠામાં ઉપયોગી થનાર સપ્લાયર ની ગુણવત્તા પૂર્વક ના કાર્ય ને આભારી છે. મારા મિત્ર અને ભાગીદાર કેતન ચંદારા ઠકકર (કચ્છ માંડવી) સાથે ૨૦૦૭ બે મિત્રોએ પાર્ટ ટાઈમ માં ચાલુ કરેલ આ સાહસનું પરિણામ છે. ઉત્સાહ અને તેમના એક્સપિરિયન્સ ને આભારી છે. સરકાર ના To bring pride to India ને ધ્યાન મા રાખીને શરૂ કરવામાં આવેલ આ અવોર્ડ ફંકશન સતત આયોજિત થાય છે.

આ એવોર્ડ એ અમારી પેઢી Synergy Global Sourcing અને ભારત ના વિકાસ નું બુસ્ટર છે. આભારી છું ભારત સરકાર ના વિકાસ લક્ષી અભિગમ નો..

(નીતિન લીંબાણી, નેત્રા, હોસુર.)

યુવાસંઘ પૂર્વ પ્રમુખ અને સાહસિક ઉદ્યોગપતિ ને મળેલ આ એવોર્ડ ને યુવાસંઘ બિઝનેસ સેલ અભિનદીત કરે છે અને બિરદાવે છે..

– પ્રચાર અને પ્રસાર સમિતિ શ્રીસમાજ





અવસાન નોંધ

તા.૧૦–૦૪–૨૦૨૨
સ્વ. પ્રેમજીભાઈ ગોપાલભાઈ ઘનાણી(રામાણી)
ઉંમર વર્ષ : ૮૬
કરછ મા નખત્રાણા(નવાવાસ), હાલે વડોદરા.

તા.૧૨–૦૪–૨૦૨૨
સ્વ: રમણલાલ જેઠાલાલ કેશરાણી.
ઉંમર વર્ષ: ૭૦
કચ્છ માં ગામ નાના અંગીયા.
હાલે ભિવંડી (મહારાષ્ટ્ર)
કેન્સર ને લઈને અવસાન પામ્યા.

તા.૧૩–૦૪–૨૦૨૨.
સ્વ: લીલાબેન વાલજી સાખલા
ઉંમર વર્ષ ૯૮.
કચ્છ માં ગામ રતડીયા.
હાલે બારડોલી (સુરત)
ઉંમર ને લઈને અવસાન પામ્યા.